# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં નીતિ આયોગની 11મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક.
2. પ્રધાનમંત્રીએ કહ્યું, ખેડૂતોનું કલ્યાણ સરકારની ટોચની પ્રાથમિકતાઓમાંની એક.
3. સરકારે ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલના કેટલાક પ્રકારો પર એક્સાઇઝ ડ્યુટી માફ કરી.
4. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ પ્રકાશ ચિક બરૈકે રાજ્યસભાના સભ્યપદેથી રાજીનામું આપ્યું.
5. કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે, ઓમાનમાં ભારતીય જહાજ પર થયેલા મિસાઇલ હુમલામાં ત્રણેય ભારતીય નાવિકોના મૃત્યુની પુષ્ટિ કરી.
6. વિશ્વની સૌથી મોટી ફૂટબોલ ટુર્નામેન્ટ ફિફા વર્લ્ડકપનો આજે રાત્રે 12:30 વાગ્યાથી પ્રારંભ.

...........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DAY-PM-NITI-AAYOG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં નીતિ આયોગની 11મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે. આ બેઠકમાં દેશભરમાં ઉદ્યોગસાહસિકતા અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા અને ટકાઉ રોજગારની તકો ઊભી કરવાના પગલાં પર ચર્ચા કરવામાં આવી રહી છે.

ચર્ચાઓમાં શાસન, ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ અને ભાગીદારી સહિતના મુખ્ય મુદ્દાઓના યોગ્ય અમલીકરણ માટે રોડમેપ વિકસાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

આ વર્ષની બેઠકનો વિષય "2047 સુધીમાં વિકસિત ભારત માટે સમાવિષ્ટ માનવ વિકાસ" છે. આ બેઠકમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ, રાજ્યપાલો અને ઉપરાજ્યપાલો ભાગ લઈ રહ્યા છે

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું કે, કેન્દ્ર અને રાજ્યો ભારતની વિકાસ યાત્રાને વેગ આપવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્યોના સામૂહિક પ્રયાસો 'વિકસિત ભારત'ના સહિયારા વિઝનને સાકાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

# REV.-PM-FARMERS-WELFARE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ખેડૂતોનું કલ્યાણ સરકારની ટોચની પ્રાથમિકતાઓમાંની એક છે અને સરકાર તેમના જીવનને સરળ બનાવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે, ખેડૂતો દેશની ખાદ્ય સુરક્ષા, પોષણ અને સમૃદ્ધિની કરોડરજ્જુ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, પ્રધાનમંત્રી - કિસાન સન્માન નિધિ અને પાક વીમા યોજના જેવી પહેલો માત્ર ખેડૂતોની આવકને જ નહીં, પણ કૃષિને સશક્ત બનાવી રહી છે.

તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી-કુસુમ યોજના દ્વારા ખેડૂતોને ખેતી માટે સૌર ઉર્જા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કિસાન ક્રેડિટ કાર્ડના મહત્વ પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ કાર્ડ ખેડૂતો, પશુપાલકો અને માછીમારોને ખેતી અને અન્ય આવશ્યક જરૂરિયાતો માટે ખૂબ જ ઓછા વ્યાજ દરે સરળ લોન પ્રદાન કરે છે.

તેમણે કહ્યું કે સરકારની 'સીડ ટુ માર્કેટ' પહેલ પાકના વાજબી ભાવો સુનિશ્ચિત કરવા માટે અત્યંત અસરકારક સાબિત થઈ રહી છે. પ્રધાનમંત્રી ભારપૂર્વક જણાવ્યું હતું કે, ડ્રોન, સોઇલ હેલ્થ કાર્ડ અને કુદરતી ખાતરો સંબંધિત પહેલ પણ ખેડૂતોને પાક ઉત્પાદકતા વધારવામાં મદદ કરી રહી છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરકારે દેશના ખેડૂતોને કૃષિ સંબંધિત આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પર સતત ભાર મૂક્યો છે.

# PM-CABINET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ 2A ને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરીથી કનેક્ટિવિટી મજબૂત બનશે. આનાથી એરપોર્ટ સુધીની મુસાફરીનો સમય ઘટશે અને વધુ સુવિધાજનક બનશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, આ વિસ્તરણથી ભીડ ઓછી થશે, રોજગારીની તકો ઉભી થશે અને ટકાઉ શહેરી વિકાસમાં ફાળો મળશે.

# ETHANOL-BLENDED PETROL

સરકારે ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલના કેટલાક પ્રકારો પર એક્સાઇઝ ડ્યુટી માફ કરી છે. નાણા મંત્રાલયે એક સૂચના દ્વારા 22, 25, 27 અને 30 ટકા ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલ પર સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટીમાંથી સંપૂર્ણ મુક્તિની જાહેરાત કરી છે.

મંત્રાલયે જણાવ્યું કે, હવે આ ચાર ઇંધણ શ્રેણીઓ પર એક્સાઇઝ ડ્યુટી શૂન્ય રહેશે. જેનો ઉદ્દેશ્ય ભારતના ઇથેનોલ મિશ્રણ કાર્યક્રમને મજબૂત બનાવવાનો અને આયાતી ક્રૂડ તેલ પર નિર્ભરતા ઘટાડવાનો, કાર્બન ઉત્સર્જન ઘટાડવાનો અને સ્થાનિક રીતે ઉત્પાદિત ઇથેનોલની માંગ વધારવાનો છે.

# TMC-MP-RESIGN

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ પ્રકાશ ચિક બરૈકે રાજ્યસભાના સભ્યપદેથી રાજીનામું આપ્યું છે. તેમણે રાજ્યસભાના અધ્યક્ષ સી પી રાધાકૃષ્ણનને રાજીનામા પત્ર મોકલ્યો હતો. અગાઉ તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ અને રાજ્યસભાના સભ્યો સુખેન્દુ શેખર રે અને સુષ્મિતા દેવે રાજ્યસભા અને પક્ષ બંનેમાંથી રાજીનામું આપી દીધું હતું.

# RAM MOHAN-AIRBUS

ભારતમાં બનેલ પ્રથમ એરબસ C295 એ ગુજરાતના વડોદરાથી તેની પ્રથમ પરીક્ષણ ઉડાન સફળતાપૂર્વક પૂર્ણ કરી. નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ આ અંગે ખુશી વ્યક્ત કરતાં સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, આ ફક્ત આકાશમાં ઉડતું વિમાન નથી, તે એરોસ્પેસ ઉત્પાદનમાં દેશની વધતી જતી ક્ષમતાઓને પણ પ્રતિબિંબિત કરે છે.

તેમણે એરબસ, ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ, ભારતીય વાયુસેના અને તમામ ઇજનેરો, ટેકનિશિયનો અને કામદારોને આ સિદ્ધિ બદલ અભિનંદન આપ્યા હતા.

# JAISHANKAR-BULGARIA

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, ભારત અને બલ્ગેરિયાના સંબંધો મજબૂત અને સ્થિર છે. તેમણે બલ્ગેરિયાના વિદેશમંત્રીને મળ્યા બાદ આ નિવેદન આપ્યું હતું.

તેમણે જણાવ્યું કે, મુલાકાત દરમિયાન ભારત અને બલ્ગેરિયા વચ્ચે દ્વિપક્ષીય સહયોગ; ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ભાગીદારી; અને વૈશ્વિક સ્થિરતા અને પ્રગતિ માટે મજબૂત રાષ્ટ્રો કેવી રીતે સાથે મળીને કામ કરી શકે તે અંગે ચર્ચા કરાઇ હતી. ડૉ. જયશંકરે આર્થિક સુરક્ષા, વિક્ષેપોના તાજેતરના અનુભવો અને આતંકવાદના વધતા જોખમ અંગે ભારતના સ્પષ્ટ વલણ પર ભાર મૂક્યો હતો.

## (BYTE: DR. S. JAISHANKAR)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# SONOWAL-SEAFARERS

ઓમાનના દરિયાકાંઠે ભારતીય જહાજ પર અમેરિકાના મિસાઇલ હુમલા દરમિયાન ગુમ થયેલા ત્રણેય ભારતીય નાવિકોના મૃત્યુની પુષ્ટિ થઈ છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે બે મૃતદેહો મળી આવ્યા હોવાનું જણાવતા આ દુ:ખદ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો.

શ્રી સોનોવાલે સરકાર આ મુશ્કેલ સમયમાં શોકગ્રસ્ત પરિવારો સાથે હોવાનું જણાવ્યું હતું. તેમણે ખાતરી આપી કે, મૃતકોના નજીકના સંબંધીઓને તમામ જરૂરી સહાય પૂરી પાડવામાં આવશે. તેમણે અધિકારીઓને બચાવેલા ક્રૂ સભ્યોને તાત્કાલિક સ્વદેશ પરત મોકલવા અને મૃતકોના મૃતદેહને તેમના અંતિમ સંસ્કાર માટે ભારત પરત લાવવાનો નિર્દેશ આપ્યો છે.

# INDIA-ILO

ભારતે 29 કેન્દ્રીય શ્રમ કાયદાઓને ચાર શ્રમ સંહિતામાં એકીકૃત કરીને વ્યાપક શ્રમ સુધારા હાથ ધર્યા છે, જેથી તેનું પાલન સરળ બને. શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શોભા કરંદલાજેએ ગઈકાલે સ્વિટ્ઝર્લૅન્ડના જીનીવા ખાતે આંતરરાષ્ટ્રીય શ્રમ પરિષદના પૂર્ણ સત્રને સંબોધન કરતા આમ જણાવ્યું હતું.

તેમણે ઝડપથી વિકસતા વૈશ્વિક પરિવર્તનો વચ્ચે સામાજિક ન્યાય અને યોગ્ય કાર્યને પ્રોત્સાહન આપવામાં આંતરરાષ્ટ્રીય શ્રમ પરિષદના સતત નેતૃત્વની પ્રશંસા કરી. તેમણે રાષ્ટ્રીય કારકિર્દી સેવા પોર્ટલ અને ઈ-શ્રમ પોર્ટલ દ્વારા શ્રમ અને રોજગાર ક્ષેત્રમાં ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ વિકસાવવામાં ભારતની પ્રગતિ પર ભાર મૂક્યો.

તેમણે રવાન્ડાના જાહેર સેવા અને શ્રમ મંત્રી, શ્રીલંકાના શ્રમ મંત્રી અને આંતરરાષ્ટ્રીય શ્રમ પરિષદના ડિરેક્ટર જનરલ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

# VAISHNAW-JAIPUR-EARLY

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે રાજસ્થાનના જેસલમેર જિલ્લાના રામગઢ ખાતે 20-kW FM ટ્રાન્સમીટરનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું. જયપુરમાં આકાશવાણી પરિસરમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન તેમણે આ ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે સબોધન કરતાં શ્રી વૈષ્ણવે વ્યૂહાત્મક માળખાગત સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતા, સરહદી વિસ્તારોમાં સંદેશાવ્યવહારને મજબૂત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતા અંગે જણાવ્યું હતું.

કાર્યક્રમમાં જયપુરના સાંસદ મંજુ શર્મા, પ્રસાર ભારતીના અધ્યક્ષ પ્રસૂન જોશી અને આકાશવાણીના મહાનિર્દેશક રાજીવ કુમાર જૈન સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# FIFA WORLD CUP

વિશ્વની સૌથી મોટી ફૂટબોલ ટુર્નામેન્ટ ફિફા વર્લ્ડ કપ આજથી શરૂ થઈ રહી છે. વિશ્વભરમાં આ ટુર્નામેન્ટને લઈ ચાહકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મેક્સિકો સિટીના ઐતિહાસિક એસ્ટાડિયો એઝટેકામાં ભારતીય સમય મુજબ રાત્રે 12:30 વાગ્યે આ વર્લ્ડ કપ શરૂ થશે. ઉદઘાટન મેચમાં, મેક્સિકો ગ્રુપ-A મેચમાં દક્ષિણ આફ્રિકાનો સામનો કરશે.

વધુ માહિતી સાંભળીએ અમારા સંવાદદાતા પાસેથી.....

(VC- CHIRAG-SPORTS)

# AMERICA-IRAN

અમેરિકાએ ઈરાની લક્ષ્યો પર લશ્કરી હુમલાઓનો બીજો રાઉન્ડ શરૂ કર્યો, જેના કારણે ઇરાને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરીને અને અમેરિકી દળોના પ્રાદેશિક ઠેકાણાઓ પર વળતાં  હુમલાઓ શરૂ કર્યા છે.

યુએસ સેન્ટ્રલ કમાન્ડે કહ્યું કે, તેણે સતત બીજા દિવસે "સ્વ-બચાવ હુમલાઓ" કર્યા છે. આ હુમલાઓમાં ઈરાનની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ, રડાર સ્થાપનો, સંદેશાવ્યવહાર માળખા અને દેખરેખ ક્ષમતાઓને નિશાન બનાવાયા હતા.